ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ
કોર્પોરેટ કચેરી, વડોદરા. – ૩૯૦૦૦૭.

| | |
|---|---|
| વિષય | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ગ્રાહકની ફરિયાદ<br>**કેસ નંબર: MG-II-૨૦-2023-24** |
| ફરિયાદી | શ્રી અશોકભાઈ કનુભાઈ પટેલ, ૧૧ KV ઝાંઝડ (મોટાફોફળીયા) SKY ફીડર સંચાલન સમિતિ, મોટાફોફળીયા, તાલુકા શિનોર, જીલ્લો : વડોદરા |
| સામાવાળા | શ્રી મૌલિક એચ શાહ, નાયબ ઇજનેર, અને શ્રી જે પી વન્જાની, નાયબ અધિક્ષક (આવક) બેઉ શિનોર પેટા વિભાગ કચેરી તરફથી મ.ગુ.વી.કં.લી., |
| સુનાવણીની તારીખ | ૨૬.૧૦.૨૦૨૩ |
| સુનાવણીનું સ્થળ | મ.ગુ.વી.કં.લી., વડી કચેરી, વડોદરા. |

| કોરમ | નામ |
|---|---|
| **ચેરપરસન** | શ્રી એસ પી ત્રિવેદી, વડોદરા |
| તાંત્રિક સભ્ય | શ્રી કે.બી.ઢેબર (આરએ એન્ડ સી), **કોર્પોરેટ કચેરી**, મ.ગુ.વી.કં.લી., વડોદરા |

ફરિયાદીશ્રીની તારીખ ૦૨.૧૦.૨૦૨૩ ના રોજ અરજી ના અનુસંધાને સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ ૧૧ કે.વી.ઝાંઝડ ફીડર પરના ખેતીવાડી વિજ ગ્રાહકોને મળેલ વિજ બિલો, સોલાર સિસ્ટમ અને તેના ઉપકરણોની મરામત, મળવા પાત્ર સબસિડી અને યોજના પરત્વે થયેલ કરાર અંગેની ફરિયાદ મળી હતી.

1.0 તા. ૨૬.૧૦.૨૦૨૩ ના રોજ ફરિયાદીની રજુઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સાંભળવામાં આવેલ. જેમાં ફરિયાદી તરફે શ્રી નીતેશકુમાર બી પટેલ હાજર રહેલ અને સામાવાળા તરફે શ્રી મૌલિક એચ શાહ, નાયબ ઇજનેર, અને શ્રી જે પી વન્જાની, નાયબ અધિક્ષક (આવક) શિનોર સબડીવીઝન, એમજીવીસીએલ હાજર રહેલ. બંનેની રજુઆત સાંભળવામાં આવેલ.

2.0 **ફરિયાદ બાબતે વિગત નીચે મુજબ છે.**

2.1 ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.એ તારીખ **૨૪.૦૭.૨૦૧૮** ના પરિપત્ર દ્વારા ગુજરાતના ચારે ડિસ્કોમમાં ખેતીવાડી વિજ ગ્રાહકો માટે સૂર્યશક્તિ કિશાન યોજનાની જાહેરાત કરી હતી. તદનુસાર, કપડવંજ પશ્ચિમ પેટા વિભાગીય કચેરી હેઠળ ઝાંઝડ ફીડરના ૬૩ ખેતીવિષયક ગ્રાહકોએ સદર યોજના હેઠળ ભાગ લીધો છે. આ ફીડર ૦૫-૧૧-૨૦૧૯ ના રોજ સોલર સિસ્ટમ થી કાર્યરત કરેલ .

**2.2 સૂર્યશક્તિ કિસાન યોજનાના (સ્કાય) ધોરણો મુજબ-**

i. કૃષિ વીજજોડાણ ધરાવતા ખેડૂતો માટેની યોજના.
ii. ખેડૂતોને તેમના ખેતરમાં સૂર્યશક્તિથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે.
iii. સ્કાય ફિડર પર અગાઉ કોઈ પણ ખેડૂતે અરજી નોંધણી કરાવેલ હોય અને યોજનામાં જોડાવા ઇચ્છે, તો તેને તત્કાળ ધોરણે વીજજોડાણ આપવામાં આવશે.
iv. ફિડર પર આવતા બધા ખેડૂતો આ યોજનામાં જોડાય એ વધુ ફાયદાકારક રહેશે.
v. ખેડૂતોએ ઓછામાં ઓછા કુલ ખર્ચની ૫% રકમ ભરપાઈ કરવાની રહેશે.
vi. કેન્દ્ર સરકાર ૩૦% સબસિડી પેટે ચૂકવશે.
vii. રાજય સરકાર ૩૦% વધારાની સબસિડી પેટે ચૂકવશે, જે માટે રાજય સરકાર દ્વારા લોન લેવામાં આવશે અને જે લોનની પરત ચુકવણી સરકાર દ્વારા વધારાના આપવામાં આવતા રૂ. ૩.૫૦ પ્રતિ

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

યુનિટ (EBI – ૧૦૦૦ યુનિટ પ્રતિ KW પ્રતિ વર્ષની મર્યાદામાં) પ્રમાણે ખેડૂત દ્વારા વધારાની વીજળીના વેચાણ દ્વારા ચૂકવવામાં આવશે.

viii. ખેડૂત વતી રાજ્ય સરકાર બાકીના ૩૫% ની રકમ પેટે સસ્તા વ્યાજની લોન લેશે. જેની પરત ચુકવણી ખેડૂત દ્વારા વીજ વિતરણ કંપનીને રૂ. ૩.૫૦ પ્રતિ યુનિટથી વેચવામાં આવતી વધારાની વીજળીમાંથી ચૂકવવામાં આવશે.

ix. લોનનો સમયગાળો ૭ (સાત) વર્ષનો રહેશે.

x. વીજળીનું જે ઉત્પાદન થાય અને વપરાશ કર્યા બાદ જે યુનિટ ગ્રીડમાં આવે તે યુનિટ દીઠ પહેલા સાત વર્ષ માટે રૂ. ૭/- પ્રતિ યુનિટ (મુદ્દા નંબર vii અને viii પ્રમાણે) ચૂકવવામાં આવશે અને ત્યાર બાદ ૧૮ વર્ષ સુધી રૂ ૩.૫ પ્રતિ યુનિટ ચૂકવવામાં આવશે. ઉપરોક્ત કુલ રકમ માથી લોનનો હપ્તો ભરપાઈ થયા બાદ જે બચત થશે તે ખેડૂતના ખાતામાં વર્ષના અંતે સીધી જમા કરવામાં આવશે.

xi. સ્કાય ફીડર ઉપર દિવસે આશરે ૧૨ કલાક વીજળી મળશે, પરંતુ જે ખેડૂત આ યોજનામાં નહી જોડાય તેને ૮ કલાક વીજ પુરવઠો મળશે.

2.3 ઝાંઝડ એજી ફીડરના ૬૩ કૃષિ વીજ ગ્રાહકોને સોલાર પીવી સિસ્ટમ પૂરી પાડવા માટે 5 kW (AC) થી 150 kW (AC) ક્ષમતાના વિતરિત ગ્રીડ સાથે જોડાયેલા સોલર પી.વી. પ્લાન્ટની ૭ વર્ષ માટે ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ, કમિશનિંગ અને વ્યાપક જાળવણી માટે MGVCL/PP/DSM/PG-SKY/Zanzad/Sahaj/૧૬૨૦ તા ૧૦.૦૬.૨૦૧૯ ના આદેશ દ્વારા M/s **સહજ સોલર પ્રાઇવેટ લિમિટેડ** ની નિમણૂક કરવામાં આવી હતી.

2.4 એજન્સી દ્વારા કાર્ય પૂર્ણ થયા બાદ, ફીડરને ૦૫-૧૧-૨૦૧૯ ના રોજ SKY ફીડર તરીકે કાર્યરત કરવામાં આવ્યું હતું.

3.0 **ફરિયાદીના પ્રતિનિધિએ રજૂઆત કરી હતી કે** –

3.1 આ યોજનામાં એક જ ફીડરના ૬૦% કરતાં વધુ કૃષિવિષયક જોડાણ ધરાવતા ખેડૂતો આકર્ષાઈ જોડાઇ શકે તે માટે એમ.જી.વી.સી.એલ. ની પેટા કચેરી, શિનોરના નાયબઇજનેરશ્રી તથા આ યોજનાની અમલીકરણ એજન્સી સહજ સોલર પ્રાઇવેટ લી. અમદાવાદ દ્વારાપ્રચાર પસાર માટે ૧૧ કે.વી. ઝાંઝડ ફીડર પરના મોટા ફોફળીયાના ખેડૂતો સાથે યોજનાનીપરિરેખા અને તેના મળતા લાભો મૌખિક જણાવ્યા અને ત્યાર બાદ યોજનાની વિસ્તૃત માહિતી દર્શાવતુ પેમ્પલેટ ખેડૂતોને આપવામાં આવ્યું.

3.૨. આ યોજનાની અમલીકરણ એજન્સી સહજ સોલર પ્રાઇવેટ લી. અમદાવાદે આપેલ પેમ્પલેટ મુજબ ખેડૂતો યોજનામાં જોડાવા લલચાયા અને યોજનાની પરિરેખા મુજબ ૫ % રકમ ખેડૂતોએ જોડાણના હોર્સ પાવર મુજબની કિમતના નાણાની રકમના ચેક જાન્યુઆરી -૨૦૧૯ થી જુન-૨૦૧૯ ના સમય ગાળા દરમિયાન એમ.જી.વી.સી.એલ.ને આપવામાં આવ્યા.

3.3. યોજનામાં જોડાવા માટે તેઓ પાસેથી અન્ય કોઇ અરજી સ્વીકારવામાં આવી નથી.યોજના બંધ થઈ જશે નું જણાવી ૬૦% કૃષિ વિજ ધારકો જોડાય તે માટે યોજનાની અમલીકરણએજન્સી અને મ.ગુ. વીજ કંપનીના તત્કાલિન નાયબ ઇજનેરશ્રી એ આ ફીડરમાં બે મૃત થયેલાકૃષિ વીજ ધારકોને પણ જોડાણ આપેલ છે.અરજદારો એ જણાવેલ કે કનેકશન નું નામ ફેરફારકરવાનું છે ત્યારે તેઓએ જવાબ આપેલ કે તેઓ નામ ફેરફાર કરી દઇશુ તમો હમણાં ચેક આપી દોએટલે કામ

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

શરૂ કરી યોજના પૂર્ણ થઇ જાય આમ જણાવી સોલર યુનિટ સ્થાપિત કરવાનું કામશરૂ કરીને નવેમ્બર ૨૦૧૯ માં કર્યાન્વિત કરવા માં આવી.

૩.૪. તે દરમિયાન એમ.જી.વી.સી.એલ. ની પેટા કચેરી, શિનોરના નાયબ ઇજનેરશ્રી તથા આયોજના ની અમલીકરણ એજન્સી સહજ સોલર પ્રાઇવેટ લી. અમદાવાદ નાઓ એ તેઓને સમજાવેલ કેતમોકૃષિવીજ ધારકોએ ફરજપરના હેલ્પર જે એક કાગળ લઇને આવેલ તેમાં સાક્ષી અને વીજગ્રાહકની સહીઓ કરી આપવી. એટલે અમાને જે કાગળ લઇને આવેલા તેમાં યોજનામાં જોડાયેલાવીજ ગ્રાહકોએ સહીઓ કરી આપી દીધી હતી. અમોને કોઇ નકલ આપી ન હતી.

૩.૫ ત્યાર બાદ આ યોજનાની અમલી કરણ એજન્સી સહજ સોલર પ્રાઇવેટ લી. અમદાવાદ નાઓનાપ્રતિનિધીએ આવીને જણાવ્યુ કે, યોજનાની રૂપરેખા મુજબ સ્કાય ફીડર સંચાલન સમિતીની રચનાકરવાની છે તો તેની રચના કરી હતી. અને રચના કરેલ સમિતીના સભ્યોની વિગતો સાથે તેઓ લઇગયેલા.

૩.૬ ૧૧ કે.વી ઝાંઝડ (મોટા ફોફળીયા)ના ફીડરના કુલ ૯૪ કૃષિ વિજ જોડાણ પૈકીના ૬૩જેટલા કૃષિ વિજ ધારકો પૈકી ૨૧ ( હોર્ષ પાવર ટેરીફ વાળા ) ૧૬ કૃષિવીજ ધારકો અનેAz ( મીટર વાળા ) ૪૭ કૃષિવીજધારકો સ્કાય યોજનામાં જોડાયા. આ યોજનામાં જોડાયા પછી દિવસનાસમયે અને ૧૨ ક્લાક સતત વીજળી મળતા ખેડૂતોમાં ખુશ હતા.

૩.૭ સ્થાપિત કરેલ સોલાર યુનીટના ઉત્પાદનની અને તેને લગતી માહિતી મળી રહે તે માટે મોબાઇલ એપ ડાઉનલોડ કરાવી હતી, પરંતુ તે મોબાઇલ એપ ચાલે છે કે નહીં અને તેનો ઉપયોગકેવીરીતે કરવો તેની પણ કોઇ સમજ આપવામાં આવેલ નહતી.

૩.૮. સ્કાય યોજનામાં જોડાયેલ કૃષિ વીજધારકોને ૧૪૮ દિવસ નું વીજ બીલ એપ્રિલ ૨૦૨૦માં મળેલ વીજબીલમાં મોટી રકમના વીજબીલ ભરવાની વિગતો મળતા ખેડૂતો ચાંકી ઉઠયા અનેમળેલા વીજબીલની વિગતો અંગે કોઇ સમજ પડતી નહતી. તેથી એમ.જી.વી.સી.એલ. પેટા કચેરીશિનોરનો સંપર્ક કરતાં તત્કાલીન ફરજ બજાવતા પરમાર સાહેબનાઓએ જણાવેલ કે વીજબીલનીવિગતોની સમજ માટે તેમજ મેઇન્ટેનન્સને લગતા પ્રશ્નો માટે એક મીટીંગનું આયોજન હાલકોરોનાની વૈશ્વિક મહામારીને લઇને સમગ્ર દેશમાં લોકડાઉન હોઇ લોકડાઉન પુરૂ થયેથીમીટીંગ કરીશુની હૈયા ધારણા આપવામાં આવી.

૩.૯. જુલાઇ ૨૦૨૦ માં કોરોનાનું લોકડાઉન હળવું થતાં ફરીથી સંચાલન સમિતીના સભ્યોદ્વારા એમ.વી.સી.એલ પેટા કચેરી શિનોરનો સંપર્ક કર્યો હતો અને મળેલ વીજ બીલોની સમજઅને મેઇન્ટેનન્સ ના પ્રશ્નોને લઇને મીટીંગનો આગ્રહ કર્યો હતો. ત્યાર પછી વારંવારનીરજુઆત પછી અમલી કરણ એજન્સી સહજ સોલર પ્રાઇવેટ લી. અમદાવાદ અનેએમ.જી.વી.સી.એલ. અનેસ્કાય યોજનામાં જોડાયેલા ગ્રાહકો સાથે મીટીંગનું આયોજન મોટા-ફોફળીયા મુકામે તા.૧૧-૧૧-૨૦૨૦ ના રોજ રાખવામાં આવ્યું. સોલર યુનીટ ચાલુ થયાના ટુંકા સમયમાં ટેકનીકલ સમસ્યાઓ જેવીકે CT-PT, કેબલ ફાયર થઇ જવો વગેરે અનેકેટલાક ગ્રાહકોના બંધ થયેલ યુનીટની માહિતી લેખિત આપી હતી. આ મીટીંગમાં સહજ સોલરપ્રાઇવેટ લી. નાઓએ આપેલ પેમ્ફલેટમાં જણાવેલ ૬૦ ટકા સબસીડી ના બદલે બીલમાં ૩૫ %અમારા વતી લોન અને ઇબીઆઇ માટે અમારા વતી લીધેલ ૩૦ % લોનની સમજ આપતા વીજ ગ્રાહકોએવિરોધ કર્યો હતો. રીપેર મેઇન્ટેનન્સ માટે સહજ સોલર પ્રા. લીમીટેડમાંથી કોઇપ્રતિનીધી હાજર નહતા. એમ.એન.પટેલ એકાઉન્ટ એફીસર, એમ.જી.વીસી.એલ સર્કલ તેઓ પાસે પણપૂરતી માહિતી નહતી. પછી ડભોઇ ડીવીઝનના એક્ઝીકયુટીવ ઇજનેર એમ.ડી રાઠવા સાહેબેજણાવેલ તમારી સાથે થયેલા કરારો મુજબ આ યોજનાનો અમલ કરીએ છીએ. તે સમયે તેઓને જાણકારી થયેલ કે, તેઓએ તો કોઇ કરાર કરેલ

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

નથી. વળી, તેઓ પાસે આ યોજનામાં જોડાવા કોઇઅરજી પણ લીધેલ નથી. તેવી મીટીંગમાં રજુઆત થતા તેઓએ વીજ ગ્રાહકોને કરારની નકલ આપવાજણાવેલ ત્યાર પછી કરારની વિગતો વાંચતા અમો છેતરાયાની લાગણી અનુભવી.

3.10. ત્યાર પછી તેઓ સાથે કોઇ મીટીંગ થયેલ નથી. તેઓએ ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરી તોતેમાં કરાર મુજબ યોજનાનો અમલ કરવામાં આવે છે. જે કરેલ કરાર એક તરફી છે. જેમાં અમલીકરણ એજન્સી તેમજ એમ.જી.વી.સી.એલ.ને ફાયદો થાય તેમ છે. તેથી આ કરાર કુદરતી ન્યાયનાવિરૂધ્ધ છે. તો તેને રદ કરવા દાદ માંગવી.

3.11 અવાર નવાર મૌખિક અને લેખિત રજુઆત બાદ આ સ્કાય યોજાનાના તેઓ સમજેલા તેપરત્વે કોઇ અમલ થતો નથી . અને યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોની ૨૦૨૨માં બમણી આવક થશેનાબદલે સ્કાય વીજ ગ્રાહકોને મળતા વીજબીલમાં મોટી મોટી રકમ ભરવાની થતી હોઇ હાલ સ્કાયયોજનામાં જોડાયેલ ખેડૂતો દેવાદાર બની ગયેલ છે. અને બાકી વીજબીલની રકમના મોબાઇલમાંમેસેજ આવતા કૃષિવીજ ગ્રાહકો માનસિક તાણ અનુભવે છે અને ખેડૂતની વધુ આર્થિક સ્થીતીબગડશે તે માટે સમિતીદ્વારા આ દાદ માંગવામાં આવી રહી છે.

3.12. સ્કાય ફીડર સંચાલન સમિતિ દ્વારા વિવિધ સ્તરે વારંવાર લેખિત રજુઆતો કરવાછતાંય આ યોજના પ્રત્યે દુર્લક્ષ સેવાતુ હોત તેવુ લાગતા ૧૧ કે.વી. ઝાંઝડ ( મોટાફોફળીયા) સ્કાય ફીડર સંચાલન સમિતીના પ્રતિનિધી દ્વારા તા.૧૩-૦૬-૨૦૨૩ના રોજ માહિતીઅધિકાર અધિનિયમ - ૨૦૦૫ અંતર્ગત તે માહિતી આધારે તેઓએ કરેલ અવલોકન માં ફક્ત અને ફકતરાજય સરકારની એમ.જી.વી.સી.એલ. કંપની અને ખાનગી કંપની સહજ સોલર પ્રાઇવેટ લી.અમદાવાદને જ સીધો ફાયદો કરાવેલ છે.

3.13. સ્કાય યોજનાના અમલ અંગેની નામદાર ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ રજુ થયેલપીટીશન નં.૧૭૨૯/૨૦૧૮ ના તા. ૨૯-૧૦-૨૦૧૮ના હુકમના પેરા નં 2.7 The generated solar energy shall be utilized by the farmers for their irrigational requirement and surplus energy shall be injected into the grid for sale to DISCOMs at tariff of Rs. 3.50/Unit and another Rs. 3.50/Unit (within limit of 1000 Units / KW/ Annum) will be paid by the State Government as Evacuation Based Incentive (EBI). The payment of EBI of Rs. 3.50/Unit shall be considered as 30% contribution from the State Government in the Scheme and the amount of EBI shall be considered for re-payment of loan amount of 30% towards the Government of Gujarat share to NABARD/ Financial Institutions. જણાવેલ હોવા છતાંય સહજ સોલરપ્રાઇવેટ લી. અમદાવાદના ઓએ પોતાના પેમ્ફલેટમાં ૬૦ % સબસીડી બતાવી ને અમો ખેડૂતોસાથે લોભામણી જાહેરાતથી છેતરપિંડી કરેલ છે. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ મળેલસરકારે બનાવેલ પેમ્પલેટ અને સહજ સોલર પ્રાઇવેટ થી. અમદાવાદના પેમ્પલેટમાં વિસંગતાઓજોવા મળેલ છે. તેઓને ૬૦ % સબસીડી મળશે અને ઉત્પન્ન થયેલ વીજળી રૂ. ૭.૦૦ પ્રતિ યુનિટ ખરીદશે એવુ સમજી જોડાયા હતા. પહેલેથી જખબર હોત તો તેઓ આ યોજનામાં જોડાત જ નહી.

3.14 તેઓએ સહજ સોલર પ્રા. કંપની સામે શિનોર પોલીસ સ્ટેશનમાં આ છેતરપિંડી અંગેફરિયાદ પણ કરેલ હતી પરંતુ અમારી ફરીયાદ અરજીના આધાર પુરાવા ધ્યાને લીધેલ નથી. અનેફરીયાદ અરજી દફતરે કરેલ છે.

3.15 વીજ ગ્રાહકોએ અમારા વતી ૩૫ % કે ૩૦ % લોન લેવા માટે કોઇ સંમતિ કેબાંધી આપેલ નથી.

3.16. વીજ ગ્રાહકો સાથે કરેલ દ્વિ પક્ષીય કરારના પેરા ૫માં તેઓએ લોન માટેભરપાઇ કરવા કે અમારા વતી લોન લેવા કોઇ બાંહેધરી આપેલ નથી. કરાર પહેલા અમોએ ૫% રકમજમા કરાવેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.17. તેઓ વીજ ગ્રાહકો, એમજી.વીસીએલ તેમજ અમલી કરણ એજન્સી સાથે કરવામાં આવેલત્રિ-પક્ષીય કરારની શરતોનો તેઓ પ્રથમ પક્ષકાર તરીકેને એક તરફી અમલ કરાવવામાં આવેછે.

3.18. સ્કાય યોજનામાં જોડાયેલ ગ્રાહકોને સને ૧૯-૨૦, સને ૨૦-૨૧, સને ૨૨-૨૩ ના વીજબીલ મળેલ છે . સને ૨૦૨૧-૨૨ના વીજ બીલ મળેલ નથી.તેના બદલે કોષ્ટકમાં વિગતો આપેલછે.

3.19. સને ૧૯-૨૦, સને ૨૦-૨૧, સને ૨૨-૨૩ના વીજ બીલ મળેલ છે . તેમાં અમો કૃષિ વિજધારકોએ વાપરેલ વીજળીના નાણા સીધા કાપી લેવામાં આવે છે. ૩૫ % ખેડૂત વતી લીધેલ લોનનાહપ્તા પણ કાપી લેવામાં આવેલ છે. જેમાં ૬0% સબસીડીમાં કેન્દ્ર સરકારની ૩૦ % સબસીડીમળેલ છે. જયારે ૩૦ ટકા લોન ખેડૂત વતી GOG એ લીધેલ નો ઉલ્લેખ છે હું તેઓએ ભરપાઇકરવાની રહેતી નથીં પ્રસ્તુત યોજનામાં ખેડૂત દ્વારા ઉત્પાદિત થયેલ વીજળી પ્રતિ યુનીટ૭.00 માં ખરીદ કરશે તેવા ઉલ્લેખ અમલીકરણ એજન્સીના પેમ્ફલેટમાં છે તેમ છતાંય યોજનાનાઅમલી કરણ ના તબકકે હવે રૂ. ૭.00ના બદલે ૩.૫૦ પ્રતિ યુનીટના ખરીદ કરે છે અને લોનનાહપ્તા પેટે બાકી રહેલી રકમ માટે EBI યુનીટનું સ્વરૂપ આપી તેમાં કાપી લે છે. આ વિગતોસમજાય તેવી નથી તેથી તેઓ ૩૦% લોન ભરપાઇ કરી શકીએ તેમ નથી. વળી, સોલર પેનલ અને તેનેલગતા ઉપકરણો ખામીયુક્ત હોઇ ઉત્પાદન ઓછું થાય છે તને લઇને અમારે નાણાકીય બોજ થયો છે.અને ખેડૂતના માથે તેની જવાબદારી નાખેલ છે જે તદ્દન એક તરફી હોઇ કુદરતી ન્યાયનાવિરૂધ્ધ છે. સોલર યુનીટની માલિકી લોન ભરપાઈ ન થાય ત્યાં સુધી એમવીસીએલની અને સૌલરયુનીટ સ્થાપિત કરી દીધાની થયેલ ખર્ચ અમલીકરણ એજન્સીને પુરો ચૂક્વી દીધેલ છે.અમોખેડૂતોને કૃષિ ક્ષેત્રે પિયાત કરવાનું હોઇ વપરાશ કરવાનો હોઇ તેની મજબુરીનો લાભ લઇબાકી બીલ કરી મોબાઇલ મેસેજમાં વીજ કનેક્શન કાપી નાખવાનો માનસિક ત્રાસ પુરોપાડવામાં આવે છે. ઉક્ત વિગતને ધ્યાને લઇ જ વપરાશનું બીલ સીધુ કપાતુ હોઇ અમારા વીજવપરાશના નાણા ભરપાઇ થયેલ હોઇ વીજ કનેકશન કાપી શકાય નહી તે અંગે દાદ મળવીજોઇએ.

3.20. વીજ બીલ ના પ્રફોર્મા માં એસુત્રતા જળવાતી નથી વીજ ગ્રાહકો ને વીજબીલ નીમાહીતી જુદી જુદી મળે છે

3.21. વીજ બીલમાં સ્કાય પ્રોજેક્ટ લોન હપ્તાની કરેલી ગણતરી માં મુદ્દલ હપ્તાએક્સરખા હોય અને વ્યાજની વધઘટ થઇ શકે તેના બદલે લોનનો હપ્તો પ્રતિ વર્ષ વધતો જાયછે. જે વેપારી ગ્રાહકના નાણાકીય વ્યવહારમાં યોગ્ય નથી.

3.22 વીજબીલના રીડીંગમાં પણ વીજ બીલો દર વર્ષનું હાલનું રીડીંગ અને સને ૨૦- ૨૧નું પાછલુ રીડીંગ બે સરખા હોવા જોઇ તેના બદલે અલગ અલગ જણાય છે. વર્ષ ૨૧- ૨૨નું વીજબીલ મળેલ નથી તેથી ૨૧-૨૨ અને ૨૨-૨૩ના વર્ષનું વીજીલના પાકાં રીડીંગ અને હાલનુંરીડીંગની ચકાસણી કરી શકાયેલ નથી. તેમજ વપરાતાં અને જનરેશનના રીડીંગમાં પણ અદલ બદલજોવા મળતી હોઇ બીલ સાચા બન્યા છે કેમ તે કહી શકાય તેમ નથી.

3.23. સને ૨૦૧૯-૨૦ના વીજબીલમાં ઈબીઆઇ યુનીટની ગણતરી પણ યોગ્ય રીતે થઇ નથી. વિતેલા સમય દરમિયાન કેપેસીટીયુટીલાઇઝેશન ફેક્ટર ( સીયુએફ) ૧૮.૩% લેખે જાળવવો ફરજિયાત હોવા છતાં, તેમજ તેચકાસવાની જવાબદારી એમ.જી.વી.સી.એલની હોવાં છતાં તેમાં ચૂક થયેલ છે. ૧૧ કે.વી ઝાંઝડ સ્કાય ફીડરમાંજોડાયેલા ૬૩ વીજ ગ્રાહીના કેપેસીટી યુટીલાઇઝેશન ફેક્ટર ( સીયુએફ) ૧૮.૩%ના બદલે સને ૧૯-૨૦નાસમય ગાળામાં ૧૨.૫૪%, સને ૨૦-૨૧નાસમય ગાળામાં ૮.૮૪ %, સને૨૧-૨૨ના લાઇટબીલ મળેલ નથી તેથી તેની વિગત મેળવી શકેલ નથી અને સને ૨૨-૨૩ના વર્ષ૧૫.૩૮ સરેરાશ જોવા મળેલ છે તેને કારણે જનરેશન ઓછુ થયેલ છે અને આ જનરેશન ઓછુ થવાનેલઇને તેઓ લોનના હપ્તા ભરી શક્યા નથી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.24. કોન્ટ્રાકટ પ્રમાણે CUF ન જાળવવાના કારણે એમ.જી.વી.સી.એલ દ્વારા ગ્રાહકદીઠ એજન્સી પાસેથી કેટલા કોમ્પેન્સેશન મેળવ્યું છે અને ગ્રાહકને ચૂકવ્યુ છે તેનીશ્રેષ્ઠ વિગત વીજ ગ્રાહકને કે સમિતિને જણાવવામાં આવતું નથી.

3.25. સોલર પીવી પેનલ અને તેની સાથેના ઉપકરણો યોગ્ય ક્ષમતાથી કામ કરતાં નથી.સોલર પીવી પેનલ માં અવાર નવાર ક્ષતિ થાય છે તેના ફોટો ગ્રાફ્સ બતાવેલ અને સોલર યુનીટમાં ક્ષતિ થતાં તેનું સમારકામ કરવામાં લાંબા સમય પછી થતું હોય છે. જેથીતેની અસર વીજ ઉત્પાદન ઓછુ થતુ જોવા મળે છે.

3.26 ખામી યુક્ત સોલર પેનલ અને તેને લગતદ્રા ઉપકરણો હોવાને કારણે ગ્રાહકોનેજાહેરાતમાં આપેલ ખાત્રી પ્રમાણે વીજ ઉત્પાદનથતું નથી. જેથી અમલીકરણ એજન્સી તથાએમજીવીસીએલને કૃષિવીજ ગ્રાહકો કરતાં વધુ ફાયદો થાય છે. અને ખેડૂત આ યોજનામાં જોડાયાપછી દેવાદાર થઇ ગયેલ છે.

3.27. સ્કાય યોજનામાં ફીડર સ્થાપિત કરવામાં પણ કેટલીક ખામીઓ છે જેમકે ૧૧ કે.વીઝાંઝડ ( મોટા ફોફળીયા) સ્કાય ફીડર પર કુલ ૯૪ વીજ ગ્રાહકો છે જેમા ૬૩ વીજ ગ્રાહકોસ્કાય યોજનામાં જોડાયેલ છે અને ૩૧ ગ્રાહકો સ્કાય યોજનામાં જોડાયેલ નથી. જે સ્કાયયોજનામાં જોડાયેલ નથી તેમને વીજ પુરવઠો ૮ ક્લાક મળે તે માટે વોચડોગ ઉપકરણ સ્થાપિતકરવામાં આવે છે. પરંતુ આ વોચડોગ ખામીયુક્ત હોય છે અથવા તેને ડાયરેક્ટ પણ કરવામાંઆવતા ગ્રીડમાં જે વીજ ઉત્પાદિત યુનીટ જવા જોઇએ તે ન જતા તેની પણ સ્કાય યોજનાના વીજગ્રાહકના વીજ ઉત્પાદન પર અસર થાય છે. ( વોચ ડોગ ડાયરેકટ કરે છે તેનો ફોટો ગ્રાફ્સ બતાવેલ ) આ અંગે પેટા કચેરી એમજીવીસીએલ શિનોરનું પણ ધ્યાન દોરેલ હોવા છતાં કોઇપગલાં લીધેલ નથી. વોચ ડોગ ટ્રાન્સફોમ હોવા છતા આ ફીડર પર કેટલાક વીજ ગ્રાહકોને ત્યાંસીધુ મુકેલ છે.

3.28. કોન્ટ્રાકટ પ્રમાણે CUF ન જાળવવાના કારણે એમ.જી.વી.સી.એલ દ્વારા ગ્રાહકદીઠ એજન્સી પાસેથી કેટલા કેમ્પેન્સેશન મેળવ્યું છે અને ગ્રાહકને ચૂકવ્યુ છે તેની કોઇવિગત વીજ ગ્રાહકને કે સમિતિને જણાવવામાં આવતું નથી.

3.29. ગ્રાહકનો વપરાશ અને જનરેશનના સ્થળ એક જ જગ્યાએ હોવાના કારણેએમ.જી.વી.સીએલને ટી એન્ડડી લોસમાં ફાયદો થાય છે. ઉપરાંત ખેતી વાડી ગ્રાહકને ચૂકવવીપડતી ટેરિફની સબસીડી તથા ફ્યુઅલ ચાર્જ પેટેની સબસીડી ચૂકવવા બંધ થાય છે જેનો હાલનોભાવ યુનિટ દિઠ રૂ. ૩.૧૮ જુલાઇ -૨૦૨૩ મુજબ છે. હાલમાં કેસ નંબર ૨૨૬૭/૨૦૨૨ તા.૩૧/૦૩/૨૦૨૩ના ટેરિફ ( ટેરીફ ઓર્ડ ૨૦૨૦-૨૧ માટે પીટીશન નંબર ૨૧૬૭/૨૦૨૨ ના એનક્ષર ૧અને ૧૦ મુજબ હતો. તેની સામે સ્કાય યોજનામાં જોડાયેલ ખેતીવાડીના ગ્રાહકના પોતાનાવપરાશ ઉપરાંત એમજીવીસી.એલને જે વીજળી ખેડૂત દ્વારા વેચવામાં આવે છે તેનો યુનિટ દીઠખરીદ ભાવ રૂ. ૩.૫૦ લેખે હોવાથી લાઇસન્સીને યુનિટ દિઠ રૂ. ૨.૦૩ નો ફાયદો થાય છે. આસિવાય રિન્યુઅલ પાવર પરચેઝ ઓબ્લિગેસન જે જાળવવું મેન્ડેટરી છે. તે ગ્રાહકોનારોકાણ થકી ખૂદના મૂડી રોકાણ સિવાય પુરૂ કરી શકે છે.

3.30. આ યોજનામાં જોડાતા પહેલાજે તે વીજ ગ્રાહકને સપ્લાય કોડના સેક્શન ૪.૯૮ તથા ૪.૯૯ પ્રમાણે દ્વિ પક્ષીય કરાર (એગ્રીમેન્ટ) જાહેરમાં અગાઉથી ઉપલબ્ધ હોવું જોઇતું હતું. યોજનામાં જોડાવાની અરજીલીધા સિવાય ૫ %ની રકમ વીજ ગ્રાહકો પાસેથી લીધી હતી. અને પાછળથી વીજ ગ્રાહક સમજે એપહેલાં એકજ કાગળમાં સહી કરાવી લીધી હતી. તેસહીનો ઉપયોગ કરાર માં કરેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

3.31. સામાન્ય રીતે કરારની શરતો કરાર કરનારા પક્ષકારોને માન્ય હોય તેવી રીતેકુદરતી ન્યાયના સિધ્ધાંતને લઇને તૈયાર હોવા જોઇએ. પણ આ કરાર જોયો ત્યારે એક તરફીફક્ત અમલીકરણ એજન્સી અને એમજીવીસીએલ કંપનીના હિત લક્ષી છે. અને તેમના માટે નુકશાનકર્તા છે. જે માન્ય નથી.

3.32. યોજનાની જાહેરાત અને અમલીકરણ એજન્સીએ સ્વીકારેલ પત્રની શરતો મુજબ કેપેસીટીયુટીલાઇઝેશન ફેક્ટર પ્રમાણે ખાત્રીપૂર્વથી મુક્ત કરી તેમના જુના વીજ કનેક્શની ટેરીફમુજબનું વીજ કનેક્શન ચાલુ કરી આપવાની દાદ માગવી.

3.33. ગુજરાત વિજ નિયમન પંચની પિટીશન નંબર ૧૭૨૯/૨૦૧૮ તા. ૨૯૧૨૧૮ ના હુકમનો પણઅનાદર થયેલ છે પિટીશન હુકમની વિગત નીચે મુજબ છે. 2.11. The Petitioners, vide their addendum petition dated 31.08.2018, submitted that pursuant to the main petition filed by them, the State Government had issued clarification vide letter dated 13.08.2018 to the SKY Scheme regarding non levy of fixed charges of Rs. 20/HP/Month from participating metered Agriculture consumers. તેમછતાં સ્કાયયોજનામાં જોડાયેલ કૃષિ વિજ ધારકો પાસેથી Rs. 20/HP/Month ફીક્સ્ડ ચાર્જ વસુલ કરેલછે જે પરત આપવો.

3.34 સ્કાય યોજના પાલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મૂકેલ છે. જીઈઆરસીના પીટીશનનંબર ૧૭૨૯/૨૦૧૮ તા. ૨૯/૧૦/૨૦૧૮ના ઓડ પેરા -કની After evaluation of the oral submissions and documentary evidences available on record and taking in to consideration the submissions made by the parties, we are of the view to support the implementation of "SuryashaktiKisanYojna" (SKY) as a pilot project. As submitted by the petitioner that the scheme is being implemented on 137 number of agricultural feeders covering 1,24,000 numbers of agricultural connections in 33 district of the State with a proposed investment of Rs. 900 crores. Since this scheme is being implemented for the first time and as a pilot project, the Commission would advise the licensee to go in for lower number of feeders say, 50 feeders or so and conduct cost benefits analysis after the results of two quarters and then implement the scheme based on the results. (1) This scheme will be optional for participation by the farmers. (2) Information booklet covering all the details regarding the scheme in simple Gujarati language should be provided to all participating farmers /consumers. (3) For redressal of any grievance arising out of this scheme, a nodal officer shall be designated by the DISCOMS at the Division level. If the grievances are not addressed by the nodal officer within 30 days, the grievances shall be transferred to CGRF for necessary speedy resolution as per the Regulations. વિગતે કોઇ અમલ થયેલ નથી.સ્કાય યોજનાનો લાભ લીધેલ ગ્રાહકોને કોઇ ગુજરાતી બુલેટ આપેલ નથી. અને આજે ૪ વર્ષ થવાછતાંય પાઇલોટ પ્રોજેક્ટની કોઇ સમીક્ષા કરેલ નથી. અને કરેલ હોય તો તેની જાણ સ્કાયફીડર સંચાલન સમિતિને કે તેના સભ્યો કે ગ્રાહકોને આજ દિન સુધીમાં કરેલ નથી. અને હવેહાલ આ યોજના બંધ કરેલ છે.

4.0 પ્રતિવાદી MGVCL એ ફરિયાદી નાં મુદાઓ સામે નીચે મુજબ રજુઆત કરેલ છે.

4.1 સદર યોજના બાબતે ખેતીવાડી વીજ ગ્રાહકોને પૂરેપુરી સમજણ આપેલ હતી.
4.2 અરજદારોને સંપૂર્ણ જાણકારી આપ્યા બાદ કોઈ પણ જાતના દબાણ વગર સ્વેછાએ આ યોજનામાં જોડાવા અર્થે 5% રકમ ભરપાઈ કરેલ અને ત્યારબાદ દ્વિપક્ષીય કરાર કરેલ છે અને ત્યાર બાદ ફરિયાદીના ખેતરમાં સોલર પેનલો લગાવવાની કામગીરી એજન્સી દ્વારા પૂર્ણ થયા બાદ સદર અરજદારો ના વીજ જોડાણ સ્કાય યોજનામાં રૂપાંતરિત કરવામાં આવેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

4.3 યોજના વિશે પૂરતી માહિતી આપવામાં આવેલ હતી અને તેમના દ્વારા ૫ % રૂપિયાની ભરપાઈ કરી યોજનામાં જોડાયેલ હતા.

4.4. યોજના માં જોડાવા ફરિયાદી ને નકલ આપેલ નહીં તે બાબતે સદર ગ્રાહકો દ્વારા અત્રેની કચેરી ખાતે કોઈ લેખિતમાં જાણ કરવામાં આવેલ નથી.

4.5 દ્વિપક્ષીય કરાર મુજબ સ્કાય યોજનામાં જોડાયેલ ખેતીવાડી વીજ ગ્રાહકોએ ઉપરોક્ત રૂપરેખા મુજબ સ્કાય ફીડર સંચાલન સમિતીની રચના કરેલ છે.

4.6. સદર યોજનાનો લાભ મેળવવાથી અને ૧૨ કલાક સતત વીજપ્રવાહ મળતા ખેડૂતો માં ખુશી હતી.

4.7 સદર યોજનાના અમલીકરણ બાદ દરેક સ્કાય ગ્રાહકોને મોબાઈલ એપ બાબતે સંપૂર્ણ સમજણ આપવામાં આવેલ હતી.

4.8 ૧૪૮ દિવસનું પ્રથમ બિલ ગ્રાહકોને રૂબરૂમાં પહોચતું કરવામાં આવેલ. અને સદર બાબતે તા ૧૧.૧૧.૨૦ ના રોજ ગ્રાહકો જોડે મીટિંગ કરી યોજનાની અને બિલની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ.

4.9 તા.૧૧-૧૧-૨૦૨૦ ની મિટિંગ માં કરાર આધારિત યોજનાનો અમલીકરણ થાય છે તે બાબતે જાણ કરેલ છે અને જે સરકારશ્રી ના નિયમોને આધીન કાર્યવાહી કરવામાં આવેલ છે તેમ જણાવેલ.

4.10 દ્વિપક્ષીય કરાર ના અનુક્રમ નબર ૭ માં ગ્રાહક/ખેડૂતના હક્કો, કાર્યો અને જવાબદારીઓ ની સમજૂતી કરાર કરતાં સમયે ગ્રાહકોએ વાંચી સમજીને જ કરાર કરેલ છે.

4.11 દ્વિપક્ષીય કરારના મુદ્દા નં ૫ મુજબ ૫% રકમની ગ્રાહકે ભરપાઇ કરેલ છે. 30% રકમ કેન્દ્ર સરકાર દ્વારા સબસિડીના રૂપે અપાયેલ છે. Evacuation Based Incentive (EBI) રાજ્ય સરકારના 30% ફાળા પેટે ગણવામાં આવેલ છે અને તે ધિરાણ કરતાં સંસ્થાને લોન ના હપ્તા પેટે ચૂકવવામાં આવે છે. બાકીની ૩૫ % રકમ ખેડૂત વતી રાજ્ય સરકાર દ્વારા લોન પેટે લેવામાં આવેલ છેતે ધિરાણ કરતાં સંસ્થાને લોન ના હપ્તા પેટે ચૂકવવામાં આવે છે. તથા વપરાશ કરેલ વીજળી અને ગ્રિડમાં જમા કરેલ વીજળીનો હિસાબ દ્વિપક્ષીય કરારના મુદ્દા નં ૯ મુજબ કરવામાં આવે છે. અવાર નવાર ગ્રાહકોને જે તે સમયે રાજ્ય સરકારશ્રી અને જીયુવીએનએલ ના ઠરાવો અને પરિપત્રોને આધારે ગ્રાહકોને સંપૂર્ણ સમજૂતી આપવામાં આવેલ ત્યાર બાદ ગ્રાહકો દ્વારા સમજી વિચારીને સદર સ્કાય યોજનાનો લાભ લેવા સંમતિ આપેલ છે.

4.12 સ્કાય યોજના પ્રારંભિક યોજના છે. વીજ ઉત્પાદન સોલર પેનલ ની ક્ષમતા મુજબ થાય તે માટે સદર ફિડર ઉપર પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે MGVCL ને પણ સદર ફિડરની એરિયર્સ ની રકમ રૂ ૯૮,૧૩,૫૯૧.૬૨ છે.

4.13 સદર બાબતે જણાવવાનું કે ગ્રાહક દ્વારા ફિડરમાથી ચોખ્ખાં ખેંચેલ અને ચોખ્ખાં મોકલેલ યુનિટનો વાણિજ્યિક હિસાબ દ્વિપક્ષીય કરારના મુદ્દા નં ૧૦ મુજબ કરવામાં આવે છે.

4.14 ફરિયાદી દ્વારા મે. સહજ સોલર સામે છેતરપિંડી ની ફરિયાદ અંગે પોલીસ ખાતા ની નીતિ વિષયક બાબત છે.

4.15. દ્વિ પક્ષીય કરારના અનુક્રમ નબર ૫ મુજબ ૩૫% અને 30% લોનની સંપૂર્ણ માહિતી વાંચી , સમજી, વિચારીને ગ્રાહક દ્વારા સહી કરેલ છે.

4.16. સદર બાબતે ગ્રાહક દ્વારા ૫% રકમ ની ભરપાઈ અને દ્વિ પક્ષીય કરાર કરી ગ્રાહક/ખેડૂત દ્વારા લેખિતમાં બહેધરી આપેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

4.17 દ્વિ પક્ષીય કરાર મુજબ સોલર પેનલ કે અન્ય સોલર ઉપકરણોમાં ખરાબીની ફરિયાદ નોધાવ્યા બાદ નિયત સમય મર્યાદા કરતાં વધુ સમયે થયેલ હોય તેવા કિસ્સામાં એજન્સી ઉપર પેનલ્ટી ચાર્જ લગાવીને જે તે ગ્રાહકના ખાતામાં સદર પેનલ્ટી રકમ ઓર્ડર મુજબ જમા આપવામાં આવેલ છે.

4.18 સદર બાબતે ગ્રાહકોને સને ૧૯-૨૦, સને ૨૦-૨૧, સને ૨૧ -૨૨ અને સને ૨૨-૨૩ ની વર્ષાન્તે વીજબિલ આપવામાં આવેલ છે. આર.ટી.આઇમાં ઉપરોક્ત વીજ બિલની નકલ માંગવામાં આવેલ હતી જેમાં અત્રેની કચેરીએ સને ૨૦૨૧-૨૨ ના ડુપ્લિકેટ વીજ બીલ મળેલ નથી જેના બદલે કોષ્ટકમાં વિગત આપેલ હતી.

4.19 ગ્રાહક સાથે થયેલ દ્વિપક્ષીય કરારના અનુક્રમ નંબર ૫ માં ખેડૂતની ૩૫ % લોન અને ખેડૂત વતી રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ 30% લોન અને સદર લોનની ભરપાઈ બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરાંત કરારના અનુક્રમ નબર ૧૦ (VI) માં પણ વર્ષના અંતે ગ્રિડમાં વેચાતા વીજ યુનિટ ની રકમ સામે લોનનો હપ્તો ભરપાઈ ના થતો હોય તો સદર બાકી રહેતી રકમ ગ્રાહકે ભરપાઈ કરવાની થાય છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. જેથી બાકી રહેતી રકમ ગ્રાહકે ભરપાઈ કરવાની થાય છે.

4.20 સદર યોજના માં જોડાયેલ ગ્રાહકોને સને ૧૯-૨૦ થી સને ૨૨-૨૩ ના વીજ બિલ પાઠવેલ છે જે સિસ્ટમ જનરેટેટ હોવાથી બિલનો પ્રકાર એક સરખો જ રહેલ છે.

4.21 ગ્રાહકોને આપવામાં આવેલ વાર્ષિક હિસાબી વીજ બિલ ગ્રાહક દ્વારા સ્કાય યોજનામાં જોડાયા બાદ કોઈ દિવસ બાકી બિલની સામે ભરણું થયેલ નથી જેના કારણે અગાઉના વર્ષો નો હપ્તો ઉમેરવાથી બાકી રકમ માં વધારો થયેલો જોવા મળે છે.

4.22 મીટર રિપ્લેસમેંટ થયેલ હોય તેવા કિસ્સામાં પાછલા જૂના વપરાયેલ મીટરના રીડિંગ અને નવા મીટરના રીડિંગ હોવાથી ફેરફાર હોય તેવું બિલમાં લાગી શકે છે પરંતુ સિસ્ટમમાં જૂના અને નવા મીટરના કુલ રીડિંગની ગણતરી થયેલ છે.

4.23 સોલર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા પ્લાન્ટના સીયુએફ ઉપર આધારિત છે. જેવાકે

1. સોલર રેડીએશન ઉપલબ્ધતા.
2. દિવસ દરમ્યાન સૂર્ય પ્રકાશ
3. મીટર કન્સોલથી ઇનવર્ટર સુધીના કેબલની લંબાઈ
4. સોલર પેનલની સાફ સફાઈ
5. સોલાર પેનલ પર ઝાડ કે અન્ય પડછાયો
6. પાવર સપ્લાયની ઉપલબ્ધતા.
7. સોલર પ્લાન્ટની કાર્યદક્ષતા

જે પૈકી દર માસે સ્થળ તપાસની કરતાં પેનલોની સાફ સફાઈ ન થયેલી હોય તેવું જણાઈ આવે છે અને અમુક ગ્રાહકોની પેનલ ઉપર પેનલની નજીક ઉગેલા ઝાડ નો પડછાયો પડતો હોવાના કારણે સીયુએફ માં ઘટેલો જોવા મળે છે જે બાબતે ગ્રાહકોને જાણ કરવામાં આવેલ છે.

4.24 એજન્સી પાસેથી વસૂલ કરેલ પેનલ્ટી ની રકમ ગ્રાહકના ખાતામાં જમા આપવામાં આવે છે જે રકમ આપ્યા બાદ તેમને મળતા બિલમાં બાકી પાછલી રકમ માં બાદ થયેલ જણાશે.

4.25 દ્વિ-પક્ષીય કરાર મુજબ સોલર પેનલ કે અન્ય સોલર ઉપકરણોમાં ખરાબીની ફરિયાદ નોધાવ્યા બાદ નિયત સમય મર્યાદા કરતાં વધુ સમયે થયેલ હોય તેવા કિસ્સામાં એજન્સી ઉપર પેનલ્ટી ચાર્જ લગાવીને જે તે ગ્રાહકના ખાતામાં સદર પેનલ્ટી રકમ જમા આપવામાં આવેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

4.26 જાહેરાત પ્રમાણે સોલાર વીજ ઉત્પાદન અને વીજ વપરાશની ગણતરીના ઉદાહરણ તરીકે એક નમૂના રૂપ વીજ જોડાણની ગણતરી બતાવવમાં આવેલ હતી. જ્યારે ફરિયાદી ગ્રાહકોનો વીજવપરાશ નમૂના રૂપ વીજ જોડાણ કરતાં વિપરીત જોવા મળેલ છે. જેથી તેમના લોનના હપ્તાની રકમની પણ ભરપાઈ થઈ શકેલ નથી.

4.27 નોન સ્કાય ગ્રાહકો દ્વારા ડાયરેક્ટ કરવા બાબતે જે આરોપો લગાવેલા છે તે બાબતે જણાવવાનું કે વોચડોગ માથી નોન સ્કાય ગ્રાહકોને ૮ કલાક વીજ પ્રવાહ મળી રહે તેવી ગોઠવણ થયેલી જ છે તેમજ નોન સ્કાય ગ્રાહકોના વોચડોગ ડાઇરેક્ટ ન થાય તે માટે રિસીલિંગ કરાવેલ છે.

4.28 દ્વિ પક્ષીય કરાર મુજબ સોલર પેનલ કે અન્ય સોલર ઉપકરણોમાં ખરાબીની ફરિયાદ નોધાવ્યા બાદ નિયત સમય મર્યાદા કરતાં વધુ સમયે થયેલ હોય તેવા કિસ્સામાં એજન્સી ઉપર પેનલ્ટી ચાર્જ લગાવીને જે તે ગ્રાહકના ખાતામાં સદર પેનલ્ટી રકમ જમા આપવામાં આવેલ છે.

4.29 દ્વિ પક્ષીય કરાર મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

4.30 દ્વિ પક્ષીય કરાર ગ્રાહકો દ્વારા કોઈ પણ જાતના દબાણ વગર રાજ્ય સરકારશ્રી અને કંપનીના નિયમો મુજબ સ્વેછાએ 5% રકમ ભરપાઈ કરી સદર યોજનામાં જોડાયેલ છે. સદર યોજનામાં જોડતી વખતે દ્વિ પક્ષીય કરાર સંપૂર્ણ વાંચી સમજીને કરેલ છે. તેમજ સદર કરાર માં એમજીવીસીએલ તરફથી જે તે સમયના નાયબ ઇજનેર શ્રી ડી. વી. પરમાર કે જે હાલ બોડેલી RE સબ ડિવિઝન માં ફરજ બજાવે છે

4.31 જીયુવીએનએલ દ્વારા યોજના મુજબ તૈયાર કરવામાં આવેલ દ્વિ પક્ષીય કરાર છે. જેમાં ગ્રાહકોએ સહીઓ કરેલ છે.

4.32 યોજના ની જાહેરાત અને અમલીકરણ એજન્સી એ સ્વીકારેલ શરાતો મુજબ જ કાર્યવાહી થાય છે. ફરિયાદી ની રજૂઆત થી જૂનું વીજ કનેક્શન ચાલુ કરી શકાય નહીં.

4.33 GUVNL ના પરિપત્ર ૫૫૧ તા. ૧૫.૧૦.૨૦૧૯ મુજબ ફિક્સ ચાર્જની ગણતરી કરી છે.

4.34 ગ્રાહકોને સ્કાય મોબાઇલ એપ્લીકેશન કેવી રીતે વાપરવી, સોલર પ્લાન્ટનો સીયુએફ કેવીરીતે સીધરવો, વીજ બિલ કેવીરીતે વાંચવું જેવી સંપૂર્ણ સમજ આપવામાં આવેલ છે.

5.0 ઉપરોક્ત વિગતો અને રજૂઆતો ને ધ્યાને લેતા ફોરમ ના તારણ નીચે મુજબ છે.

5.1 ફરિયાદી ( ૧૧ KV ઝાંઝડ ફીડરના એજી ગ્રાહકો) GUVNL / MGVCL દ્વારા સમયાંતરે જારી કરાયેલા પરિપત્રો અને કરારો દ્વારા જાહેર કરાયેલ નિયમો અને શરતોને સ્વીકારીને સૂર્ય શક્તિ કિશાન યોજનામાં જોડાયા છે.

5.2 સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ ફરિયાદ પક્ષના ગ્રાહકોનું બિલિંગ GUVNL દ્વારા જારી કરાયેલ યોજનાના પરિપત્રોની શરતો અને નિયમ અનુસાર કરવામાં આવી રહ્યું છે.

5.3 GUVNL પરિપત્ર ACCTS/CFM/SKY/Billing/551 તારીખ 15.10.2019 મુજબ પ્રતિવાદી દ્વારા ફિક્સ ચાર્જ વસૂલવામાં આવે છે. પ્રતિવાદી નિયત ચાર્જીસની વસૂલાત અંગેની ફરિયાદ GUVNLને મોકલી શકે છે અને ફરિયાદીને 30 દિવસની અંદર સ્પષ્ટતા કરી શકે છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

5.4 MGVCL ના પ્રતિવાદી શિનોર સબ ડિવિજન ફરિયાદ કર્તાને વળતર આપવા માટે ઓર્ડરની શરતો મુજબ એજન્સી સામે સમયે સમયે પગલાં લેવા અને કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવી. તેમજ ગ્રાહક ને તેણી જાણ કરવી.

5.5 આ ફરિયાદના આધારે સોલાર પ્લાન્ટને દૂર કરવા અને જૂનું ટેરિફ આધારિત વીજ જોડાણ પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિવાદીને નિર્દેશિત કરવાની ફરિયાદીની અરજી ફોરમ દ્વારા ધ્યાને લેવામાં આવી શકતી નથી. જો ફરિયાદી સોલાર વીજ જોડાણ દૂર કરવા ઈચ્છે, તો તેમણે યોજનાના નિયમો અને શરતો અનુસાર સંમત થઇ પ્રતિવાદીને અલગથી અરજી કરવાની રહે છે.

5.6 MGVCL ના પ્રતિસાદકર્તા શિનોર સબડિવિઝન સોલર ઉપકરણમાં કોઈ ખામી ની જાણ થતાં આ બાબતને એજન્સી ને જાણ કરી અને તેનું નિયમ અનુસાર નિરાકરણ કરશે.

## હુકમ

6.0 ફોરમ નિર્ણય પર આવે છે કે –

6.1 ફરિયાદી ( ૧૧ KV ઝાંઝડ ફીડરના એજી ગ્રાહકો) GUVNL / MGVCL દ્વારા સમયાંતરે જારી કરાયેલા પરિપત્રો અને કરારો દ્વારા જાહેર કરાયેલ નિયમો અને શરતોને સ્વીકારીને સૂર્ય શક્તિ કિશાન યોજનામાં જોડાયા છે.

6.2 સૂર્યશક્તિ કિશાન યોજના હેઠળ ફરિયાદ પક્ષના ગ્રાહકોનું બિલિંગ GUVNL દ્વારા જારી કરાયેલ યોજનાના પરિપત્રોની શરતો અને નિયમ અનુસાર કરવામાં આવી રહ્યું છે.

6.3 GUVNL પરિપત્ર ACCTS/CFM/SKY/Billing/551 તારીખ 15.10.2019 મુજબ પ્રતિવાદી દ્વારા ફિક્સ ચાર્જ વસૂલવામાં આવે છે. પ્રતિવાદી નિયત ચાર્જીસની વસૂલાત અંગેની ફરિયાદ GUVNLને મોકલી શકે છે અને ફરિયાદીને 30 દિવસની અંદર સ્પષ્ટતા કરી શકે છે.

6.4 MGVCL ના પ્રતિવાદી શિનોર સબ ડિવિજન ફરિયાદ કર્તાને વળતર આપવા માટે ઓર્ડરની શરતો મુજબ એજન્સી સામે સમયે સમયે પગલાં લેવા અને કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવી. તેમજ ગ્રાહક ને તેણી જાણ કરવી.

6.5 આ ફરિયાદના આધારે સોલાર પ્લાન્ટને દૂર કરવા અને જૂનું ટેરિફ આધારિત વીજ જોડાણ પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિવાદીને નિર્દેશિત કરવાની ફરિયાદીની અરજી ફોરમ દ્વારા ધ્યાને લેવામાં આવી શકતી નથી. જો ફરિયાદી સોલાર વીજ જોડાણ દૂર કરવા ઈચ્છે, તો તેમણે યોજનાના નિયમો અને શરતો અનુસાર સંમત થઇ પ્રતિવાદીને અલગથી અરજી કરવાની રહે છે.

6.6 MGVCL ના પ્રતિસાદકર્તા શિનોર સબડિવિઝન સોલર ઉપકરણમાં કોઈ ખામી ની જાણ થતાં આ બાબતને એજન્સી ને જાણ કરી અને તેનું નિયમ અનુસાર નિરાકરણ કરશે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

6.7 પ્રતિવાદીને પંદર દિવસમાં આ ફોરમમાં ATR સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

(કે.બી.ઢેબર)
તાંત્રિક સભ્ય

(એસ પી ત્રિવેદી)
ચેરપરસન

*નોંધ:*

જો ફરિયાદી આ ફોરમના આદેશથી સંતુષ્ટ ન હોય, તો ફરિયાદી પક્ષકારને જારી કરાયેલ બિલની ઓછામાં ઓછી 33% રકમની ચુકવણી કર્યા પછી જ લોકપાલનો સંપર્ક કરી શકે છે. લોકપાલનું કાર્યાલયનું સરનામું છેઃ સ્ટાફ ઓફિસર, વિદ્યુત લોકપાલની કચેરી, ગુજરાત વિદ્યુત નિયમન પંચ, બેરેક નં.3, પોલીટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ 380 015 GERC સૂચના નંબરના ક્લોઝ નં.3.19 (viii) અનુસાર 2019 ના .2.

લોકપાલ સમક્ષ રજૂઆતો કરવાની કાર્યવાહી-

1. પ્રતિનિધિત્વ ફરિયાદી દ્વારા તેના નામ અને સરનામા સાથે યોગ્ય રીતે સહી કરેલ લેખિતમાં હોવું જોઈએ.
2. એફિડેવિટ સાથે પ્રતિનિધિત્વનું સમર્થન હોવું જોઈએ.
3. ફોરમના ઓર્ડરની સાચી નકલ અને ફોરમ સમક્ષ કરેલી અસલ ફરિયાદ જોડવી જોઈએ. બંધ દસ્તાવેજો મૂળ દસ્તાવેજોની પ્રમાણિત નકલો હોવા જોઈએ.
4. ફોરમના ઓર્ડરની સાચી નકલ અને ફોરમ સમક્ષ કરેલી અસલ ફરિયાદ જોડવી જોઈએ. બંધ દસ્તાવેજો મૂળ દસ્તાવેજોની પ્રમાણિત નકલો હોવા જોઈએ
5. લોકપાલ સમક્ષ રજૂઆત ફોરમના આદેશની તારીખથી 30 દિવસની અંદર સબમિટ કરવી જોઈએ
6. પ્રતિનિધિત્વની નકલ લોકપાલની કચેરીમાં સબમિટ કરવાની રહેશે. રજૂઆતની નકલ તમામ ઉત્તરદાતાઓને સબમિટ કરવી જોઇએ.
7. જો ફરિયાદીએ ફોરમના આદેશ અનુસાર કોઈપણ રકમ ચૂકવવાની જરૂર હોય, તો આવી રકમનો એક તૃતિયાંશ ભાગ ફરિયાદીએ જમા કરાવવો જોઈએ અને રજૂઆત સાથે પુરાવાઓ જોડવાના રહેશે.
8. સક્ષમ ફોરમ અથવા અન્ય કોર્ટ, ટ્રિબ્યુનલ, આર્બિટ્રેટર અથવા અન્ય કોઈ સત્તા સમક્ષ આ બાબત પેન્ડિંગ હોવી જોઈએ નહીં.
9. તમામ રજૂઆતો પર્યાપ્ત કારણ સાથે હોવી જોઇએ, વાજબી ખંતથી ગ્રાહકને પ્રથમ દૃષ્ટિએ નુકસાન અને નુકસાન/અસુવિધા થાય.
10. પ્રતિનિધિત્વ અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં સબમિટ કરી શકાય છે

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL